દાખલ તારીખ :– ૧૯/૦૧/૨૦૨૨
રજુ તારીખ :– ૧૯/૦૧/૨૦૨૨
ફેંસલ તારીખ :– ૩૦/૧૧/૨૦૨૨
સમયગાળો :– વર્ષ મહીનો દિવસ
૦૦ – ૧૦ – ૧૧

---

**અમદાવાદના મહે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૮ માં,**

---

**ક્રિમી. કેસ નં :૫૮૨૪/૨૦૨૨**

**આંક : ૧૫**

---

**શ્રી સ ર કા ર** ...... **ફરીયાદી**

**વિરૂધ્ધ.**

**(૧) મનસુખભાઈ પિતામ્બરભાઈ મહેરીયા,**

**(૨) નિલેષભાઈ મનસુખભાઈ મહેરીયા,**

**(૩) સેજલબેન અનીલભાઈ પરમાર,**

તમામ રહે. શીતલાનગરની ચાલી, નરોડા રેલ્વે
ક્રોસીગની બાજુમાં, નરોડા, અમદાવાદ.
મુળ વતન ગામ સાકડી તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

.... **આરોપીઓ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી કે.પી.પાઠક**

**આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.એન.મકવાણા**

---

**આરોપ :–** ઈ.પી.કો.કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા
જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ.

**–: <u>ચુ કા દો :–</u>**

(૧) આ કામના ફરિયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, તા.ર૯/૧૨/૨૦૨૧ ના કલાક ૨૧–૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીશ્રી તથા સાહેદ નં.૧૩ નાઓ તેમના ઘરેથી મોટરસાયકલ લઈને નીકળેલા તે વખતે આરોપી નં.ર નાઓને તેઓને નરોડા શીતળાનગરની ચાલી ખાતે પોતાના ઘર આગળ ઉભા રાખી કહેવા લાગેલ કે, મારી બહેન ભાગી ગયેલ છે તેમાં તારા ભાઈનો હાથ છે તેમ કહેતા ફરીયાદી તથા સાહેદનાઓએ તેને સમજાવતા માનેલ નહી અને આ વખતે આરોપી નં.૧ નાઓ પણ ઘરની બહાર આવી ગયેલા અને ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગંદી ગાળો બોલવા લાગેલા તે દરમ્યાન આરોપી નં.ર નાઓ તેના ઘરમાંથી લાકડી લઈ આવી ફરીયાદીને ડાબા હાથે કાંડા પાસે તેમજ આંગળી ઉપર લાકડીના એક બે ફટકા મારી ઈજા કરેલ આ વખતે સાહેદ નં.૧૧ તથા ૧૨ નાઓ આવી ગયેલ અને આરોપી નં.૩ નાએ સાહેદ નં.૧૩ ને શરીરે ગડદાપાટુનો માર મારેલ અને આરોપી નં.ર નાઓએ તેની પાસેની લાકડીથી સાહેદ નં.૧૧ ને નાકના ભાગે એક ફટકો મારી ઈજા કરી આરોપી નં.૧, ૨ નાઓએ પણ સાહેદ નં.૧૧ ને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદશહેરનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો. કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) હાલના બનાવ અંગેની ફરિયાદ આ કામના ફરિયાદીએ નરોડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૨૨૨૦/૨૦૨૧ થી દાખલ કરેલ છે જેની તપાસ, તપાસ કરનાર અમલદારે પુર્ણ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ– ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) ત્યારબાદ આ કામના આરોપીઓને ધોરણોસર સમન્સ બજતા, આરોપીઓ તેઓના વિધ્વાન વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓ સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને આંક–૪ થી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે જેમા આરોપીઓએ ગુનો કબુલ નહીં હોવાનું જણાવેલ છે.

(૪) હવે આ કામના ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ

દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**– : મૌખિક પુરાવો : –**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી વિનોદભાઈ શવાભાઈ વાઘેલની સોગંદ ઉપરની જુબાની | ૬ |
| ૨ | સાહેદ શવાભાઈ કલાભાઈ વાઘેલાની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૩ | સાહેદ પ્રવિણભાઈ શવાભાઈ વાઘેલાની સોગંદ ઉપરની જુબાની | ૧૨ |
| ૪ | કાલુભાઈ શવાભાઈ વાઘેલાની સોગંદ ઉપરની જુબાની | ૧૩ |

**– : દસ્તાવેજી પુરાવો : –**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૭ |
| ૨ | રીકવરી પંચનામું | ૮ |
| ૩ | સારવાર સર્ટીફીકેટ | ૯ |
| ૪ | જાહેરનામું | ૧૦ |

ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા આંક–૧૪ થી વધુ પુરાવો તપાસવા માંગતા ન હોઈ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૫)** ફરિયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા સદર કેસમાં આરોપીઓનું ક્રિ. પ્રો. કોડની કલમ – ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા પાત્ર પુરાવો ઉપલબ્ધ ન હોઈ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૬)** ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી કે.પી.પાઠક તથા આરોપી તરફે વિ. વ. શ્રી આર.એન.મકવાણા ની વિસ્તૃત દલીલો સાંભળી.

**(૭)** આ કામે રેકર્ડ ઉપરની હકીકત તથા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીઓ સામેના કેસનો નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧.** | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પૂરવાર કરે છે કે, તા.૨૯/૧૨/ |

| | |
|---|---|
| | ૨૦૨૧ ના કલાક ૨૧–૩૦ વાગ્યાના સુમારે ફરીયાદીશ્રી તથા સાહેદ નં. ૧૩ નાઓ તેમના ઘરેથી મોટરસાયકલ લઈને નીકળેલા તે વખતે આરોપી નં.૨ નાઓને તેઓને નરોડા શીતળાનગરની ચાલી ખાતે પોતાના ઘર આગળ ઉભા રાખી કહેવા લાગેલ કે, મારી બહેન ભાગી ગયેલ છે તેમાં તારા ભાઈનો હાથ છે તેમ કહેતા ફરીયાદી તથા સાહેદનાઓએ તેને સમજાવતા માનેલ નહી અને આ વખતે આરોપી નં.૧ નાઓ પણ ઘરની બહાર આવી ગયેલા અને ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગંદી ગાળો બોલવા લાગેલા તે દરમ્યાન આરોપી નં.૨ નાઓ તેના ઘરમાંથી લાકડી લઈ આવી ફરીયાદીને ડાબા હાથે કાંડા પાસે તેમજ આંગળી ઉપર લાકડીના એક બે ફટકા મારી ઈજા કરેલ આ વખતે સાહેદ નં.૧૧ તથા ૧૨ નાઓ આવી ગયેલ અને આરોપી નં.૩ નાએ સાહેદ નં.૧ ૩ ને શરીરે ગડદાપાટુનો માર મારેલ અને આરોપી નં.૨ નાઓએ તેની પાસેની લાકડીથી સાહેદ નં.૧૧ ને નાકના ભાગે એક ફટકો મારી ઈજા કરી આરોપી નં.૧, ૨ નાઓએ પણ સાહેદ નં.૧૧ ને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદશહેરનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કોડની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| **મુદ્દા નં.૨.** | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.૧. નકારમાં.

મુદ્દા.૨. આખરી હુકમ મુજબ.

**<u>– : કા ર ણો : –</u>**

**<u>મુદ્દા.નંબર.૧</u>**

(૯) હવે આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ઈ.પી.કો. કલમ –

૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે આંક–૬ થી ફરીયાદી વિનોદભાઈ શવાભાઈ વાઘેલા નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ રાત્રીના સવા નવેક વાગ્યાની આસપાસ તેઓ અને તેમનો ભાઈ કાલુ મોટરસાયકલ લઈને નીકળેલા તે વખતે તેઓની ચાલીમાં રહેતા નીલેશભાઈ મનસુખભાઈ નાઓએ ઉભા રાખી કહેવા લાગેલ કે, મારી બહેન ભાગી ગયેલ છે તેમાં તમારા ભાઈઓનો હાથ છે જેથી તેઓએ જણાવેલ કે, અમો કંઈ જાણતા નથી. તે વખતે મનસુખભાઈ તેમજ સેજલ આવી ગયેલ અને તે સમયે તેઓના પિતા સવાભાઈ તથા પ્રવિણભાઈ આવી ગયેલ તે દરમ્યાન બોલાચાલી તેમજ ઝપાઝપી થતા તેઓ બધાને પડી જવાથી વાગેલ હોય તે અંગેની સારવાર કરાવેલી અને ત્યારબાદ ફરીયાદ કરેલ. તેઓને આંક–૭ થી રજુ ફરીયાદ બતાવવામાં આવતા તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. વધુમાં તેઓએ પુરાવો આપેલ છે કે, એવું બનેલ નહી કે બનાવ વખતે નીલેશ લાકડી લઈને આવેલ અને તેઓને ઈજા પહોંચાડેલ તેમજ ગાળો બોલેલ. ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ શવાભાઈ કલાભાઈ વાઘેલાનાઓને આંક–૧૧ થી, સાહેદ પ્રવિણભાઈ શવાભાઈ વાઘેલાનાઓને આંક–૧૨ થી અને સાહેદ કાલુભાઈ શવાભાઈ વાઘેલાનાઓને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. કે જેઓ ફરીયાદીના પિતા અને ભાઈઓ છે. તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ ફરીયાદીની જુબાની મુજબની જ જુબાની આપેલ છે. જેથી સદર ફરીયાદી અને સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઈ ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરી તેઓની ઉલ્ટ તપાસ કરેલ છે તેમ છતાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જ્યારે સદર ફરીયાદી અને સાહેદોની આરોપીઓના વિ.વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી. તેમજ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે બનાવ સમયે આરોપીના હાથમાં લાકડાનો દંડો ન હતો. તેમજ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી.

(૧૦) આમ, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી અને સાહેદોની જુબાનીનુ વિશ્લેષણ

કરવામાં આવે તો ફરીયાદી તથા સાહેદોએ પોતાની જુબાનીમાં માત્ર એટલી જ હકીકત જણાવેલ છે કે, આરોપીઓએ ફરીયાદીને કહેલ કે મારી બહેન ભાગી ગયેલ છે તેમાં તમારા ભાઈઓનો હાથ છે જે બાબતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી તેમજ જપાજપી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદી અને સાહેદોની જુબાની આધારે આંક-૭ થી રજુ થયેલ ફરીયાદ હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ રીકવરી પંચનામું, સારવાર સર્ટીફીકેટ અને જાહેરનામાને બચાવપક્ષ ધ્વારા કબુલ રખાતા આંક-૮ થી ૧૦ રજુ છે. પરંતુ ફરીયાદીને આરોપીઓ સાથે સમાધાન થઈ જતા પંચનામું, સારવાર સર્ટીફીકેટ કે જાહેરનામું પુરવાર થાય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ નથી.

**(૧૧)** વિશેષમાં ફરિયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો પુરવાર કરવામાં તેમજ તેના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય તે સંજોગોમાં આરોપીઓને ઈ.પી.કો. કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુના હેઠળ તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ફરીયાદીશ્રી તથા સાહેદ નં.૧૩ નાઓ તેમના ઘરેથી મોટરસાયકલ લઈને નીકળેલા તે વખતે આરોપી નં.૨ નાઓને તેઓને નરોડા શીતળાનગરની ચાલી ખાતે પોતાના ઘર આગળ ઉભા રાખી કહેવા લાગેલ કે, મારી બહેન ભાગી ગયેલ છે તેમાં તારા ભાઈનો હાથ છે તેમ કહેતા ફરીયાદી તથા સાહેદનાઓએ તેને સમજાવતા માનેલ નહી અને આ વખતે આરોપી નં.૧ નાઓ પણ ઘરની બહાર આવી ગયેલા અને ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગંદી ગાળો બોલવા લાગેલા તે દરમ્યાન આરોપી નં.૨ નાઓ તેના ઘરમાંથી લાકડી લઈ આવી ફરીયાદીને ડાબા હાથે કાંડા પાસે તેમજ આંગળી ઉપર લાકડીના એક બે ફટકા મારી ઈજા કરેલ આ વખતે સાહેદ નં.૧૧ તથા ૧૨ નાઓ આવી ગયેલ અને આરોપી નં.૩ નાએ સાહેદ નં.૧૩ ને શરીરે ગડદાપાટુનો માર મારેલ અને આરોપી નં.૨ નાઓએ તેની પાસેની લાકડીથી સાહેદ નં.૧૧ ને નાકના ભાગે એક ફટકો મારી ઈજા કરી આરોપી નં.૧, ૨ નાઓએ પણ સાહેદ નં.૧૧ ને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજા કરી આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદશહેરનાઓના જાહેરનામાનો ભંગ કરી ઈ. પી. કો. કલમ – ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ હોય તેવું

ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**(૧)** આ કામના આરોપી નં.(૧) મનસુખભાઈ પિતામ્બરભાઈ મહેરીયા, (૨) નિલેષભાઈ મનસુખભાઈ મહેરીયા, (૩) સેજલબેન અનીલભાઈ પરમાર, તમામ રહે. શીતલાનગરની ચાલી, નરોડા રેલ્વેક્રોસીગની બાજુમાં, નરોડા, અમદાવાદ. મુળ વતન ગામ સાકડી તા.વઢવાણ, જી. સુરેન્દ્રનગર નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ -૨૪૮ (૧) હેઠળ ઈ.પી. કો. કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુન્હા અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો નામદાર એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટે દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭ (એ) અન્વયે રૂા.૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજુ કરવા વિકલ્પે અગાઉ રહેલ જામીનદારની પુરસીસ રજુ રાખવી.

હુકમ આજ તારીખ - ૩૦ મી, માહે- નવેમ્બર સને ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૩૦/૧૧/૨૦૨૨**
**અમદાવાદ.**

**(કુ.રૂચિતા વિકાસ રાજે)**
**એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૧૮,અમદાવાદ.**
**કોડ નં.જી.જે.૦૧૦૪૮**